# કેશડોલ્સથી વંચિત પૂર પીડિતો દ્વારા પાલનપુર મામલતદાર કચેરીનો ઘેરાવ

## ધરણાં પર બેઠેલાને ૩ દિવસમાં સર્વે કરવાની ખાતરી આપતા પ્રાંત અધિકારી

પાલનપુરના પુર પીડિતોએ કેશડોલ ન મળવાને મામલે આજે કોંગ્રેસ અગ્રણીઓની આગેવાની તળે પાલનપુર મામલતદાર કચેરીનો ઘેરાવ કરી ધરણા પર ઉતરી ગયા હતા. જ્યાં મોડી સાંજે પ્રાંત અધિકારીએ ૩ દિવસ માં સર્વે કરવાની ખાતરી આપતા માંડ મામલો થાળે પડ્યો હતો.



બનાસકાંઠામા પુરની પરિસ્થિતિ બાદ સરકારી સહાયમાં ઠાગાઠૈયા થઈ રહ્યા છે. પાલનપુરના પુર પીડિતો રોજ બરોજ સહાય ન મળવાને મુદ્દે હોબાળો કરી રહ્યા છે. ત્યારે આજે પાલનપુરના હરિપુરા-જનતા નગર સોનબાગ-ઢૂંઢીયાવાડી સહિતના ૫૦૦થી વધુ લોકોએ સહાય ન મળવાને મામલે પાલનપુર મામલતદાર કચેરીનો ઘેરાવ કર્યો હતો. અને કચેરી સામે જ ધરણાં પર ઉતરી ગયા હતા.

કૉંગી અગ્રણીઓની આગેવાની તળે પીડિતોએ હલ્લાબોલ કરતા તંત્ર દ્વારા સહાયની ખાતરી નહીં અપાય ત્યાં સુધી ધરણાં પરથી નહીં ઊઠવાની ચીમકી ઉચ્ચારતા તંત્ર પણ મુંઝવણમાં મુકાઈ ગયું હતું. અંતે મોડી સાંજે પાલનપુર પ્રાંત ઓફિસર પટેલએ આવીને તાકીદે સર્વે ટીમોને બોલાવી ૩ દિવસમાં તમામ રજીઓનો નિકાલ કરવાની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

# ...ત્યાં સુધી પાલનપુર સિવિલનું તંત્ર ઉઘતું જ રહ્યું...!!

**શંકાસ્પદ સ્વાઇન ફ્લુના બાળ દર્દીનો મૃતદેહ લઇ પરિવારજનો જતા રહેતા રેઢિયાળ તંત્ર હરકતમાં : રેલવે સ્ટેશનથી મૃતદેહનો મેળવ્યો કબ્જો : જાહેર આરોગ્ય સાથે ખીલવાડ કરતા ટ્રોમાં સેન્ટરમાં દર્દી રખાતા હોવાની રાવ**

રાજ્યભરમાં સ્વાઈન્ફલુએ કહેર મચાવ્યો છે. તો બીજીબાજુ સ્વાઈનફ્લૂ જેવી ગંભીર બિમારીમાં જાહેર આરોગ્ય સાથે ખીલવાડ કરતી પાલનપુર સિવિલની ઘોર બેદરકારી બહાર આવી છે. સ્વાઈન ફ્લુને પગલે રાજ્યનું આરોગ્ય તંત્ર પણ દોડતું થઈ ગયું છે. ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ ચિંતિત છે. ત્યારે પાલનપુર સિવિલ હોસ્પિટલ સ્વાઈનફલૂ ના મુદ્દે ઘોર લાપરવાહી દાખવી રહી હોવાની બુમરાણ મચી છે. રાજસ્થાનના સાંચોરના ૧૨ વર્ષીય બાળકને શંકાસ્પદ સ્વાઈનફલૂ થતા ધાનેરા થી વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયા એક કલાકની સારવાર દરમિયાન જ તેનું મોત થયું હતું. દરમિયાન, સિવિલ તંત્રની જાણ વગર પરિવારજનો બાળકના મૃતદેહને રાજસ્થાન લઈ જવા માટે સિવિલમાંથી નીકળી ગયા હતા. જેની જાણ થતા રેઢિયાળ સિવિલ તંત્ર હરકતમાં આવ્યું હતું. અને રેલવે સ્ટેશનથી મૃતદેહને સિક્યુરિટી કર્મી મારફતે પરત લવાયો હતો. જોકે, પરત લવાયા બાદ પણ એકાદ કલાક સુધી બાળકનો મૃતદેહ રઝળતો રહ્યો હતો. બાદમાં અગમ્ય કારણોસર પી.એમ.કર્યા વિના જ બાળકનો મૃતદેહ તેના પરિવારજનોને સોંપી દેવાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

જોકે, સ્વાઈન્ફલુ જેવી ગંભીર અને ચેપી બીમારીમાં પણ દર્દીનો મૃતદેહ પોષ્ટમોર્ટમ થયા વિના જ બહાર જતો રહ્યો તે સિવિલની ગંભીર બેદરકારીની ચાડી ખાય છે.

### ટ્રોમામાં સ્વાઇન ફ્લુના દર્દી !!!

પાલનપુર સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમા સિવિલ તંત્ર દ્વારા એક આઈશોલેશન કોટ ઉભી કરાઈ હતી. અને સ્વાઈન ફ્લૂના શંકાસ્પદ દર્દીને સારવાર હેઠળ રખાયું હતું. જોકે, ટ્રોમાં સેન્ટરમા રોજના અનેક દર્દીઓની અવર-જવર છતાં શંકાસ્પદ સ્વાઈન્ફલુના દર્દીને સિવિલના ટ્રોમાં સેન્ટરમા જાહેરમાં રખાયું હતું. સિવિલ મા આઈસોલેશન વોર્ડ હોવા છતાં જાહેર આરોગ્ય સાથે ખીલવાડ કરી શંકાસ્પદ સ્વાઈન્ફલુના દર્દીને ટ્રોમાં સેન્ટર મા રખાતા સિવિલના આ નિર્ણયથી ભારે અચરજ ફેલાયું હતું.



# રાજ્યમાં સ્વાઈન ફ્લુનો કહેર યથાવત

**૧૨ દર્દીઓના મોત : સ્વાઇન ફ્લુ પોઝીટીવના નવા ૩૦૦ કેસ : અમદાવાદમાં ચારના થયેલા મોત : કુલ ૧૯ દર્દી હજુ વેન્ટીલેટર ઉપર**

અમદાવાદ,તા. ૧૯

રાજયમાં સ્વાઈન ફ્લુની પરિસ્થિતિ ભયાનક અને ચિંતાજનક બની ગઈ છે, રોજેરોજ મૃત્યુઆંક અને સ્વાઈન ફ્લુ પોઝીટીવના કેસો ખતરનાક રીતે વધી રહ્યા છે તેમછતાં સરકારી તંત્ર સાચા આંકડા બહાર ના આવે અને લોકોમાં સ્વાઈન ફ્લુની સાચી પરિસ્થિતિ ખુલ્લી ના પડી જાય તે હેતુથી સાચી આંકડાકીય માહિતી પણ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેમછતાં સ્વાઈન ફ્લુના મામલે સરકાર અને સત્તાવાળાઓની નિષ્ફળ કામગીરી ખુલ્લી પડી જ ગઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં સ્વાઈન ફ્લુના કારણે વધુ ૧૨ દર્દીઓના મોત નીપજયા છે. જેમાં અમદાવાદમાં ચાર લોકોના મોતનો સમાવેશ થાય છે. આની સાથે જ મોતનો આંકડો વધીને ૨૫૪ સુધી પહોંચી ગયો છે. જયારે ત્રણસોથી વધુ નવા સ્વાઈન ફ્લુ પોઝીટીવના કેસો નોંધાયા છે. આજે રાજયમાં સૌથી વધુ મૃત્યુ રાજકોટમાં સ્વાઈન ફ્લુના કારણે ત્રણ મહિલાઓના મોત નોંધાયા હતા. આ સાથે જ રાજયભરમાં સ્વાઈન ફ્લુના કારણે કુલ મૃત્યુઆંક ૨૫૪ સુધી પહોંચ્યો છે. સ્વાઈન ફ્લુની નિયત માર્ગદર્શિકા અને જરૂરી માહિતી નહી પૂરી પાડવા બદલ અમદાવાદની શીફા અને સરદાર પટેલ એમ બે હોસ્પિટલ અને સુરતની પાંચ હોસ્પિટલ મળી કુલ સાત હોસ્પિટલોને આજે રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે. ખુદ સરકારી તંત્રના દાવા મુજબ, રાજયભરમાં સ્વાઈન ફ્લુને લઈ હાથ ધરાયેલા સર્વેક્ષણમાં અત્યારસુધીમાં શંકાસ્પદ જણાતાં ૩૨,૫૦૦ વ્યકિતઓને પ્રોફાઈલેક્ટીક સારવાર હેઠળ આવરી લેવાયા છે. રાજયમાં હાલ સ્વાઈન ફ્લુના ૧૫૧૩થી વધુ દર્દીઓ વિવિધ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જે પૈકી ૧૯ દર્દીઓ વેન્ટીલેટર પર છે. સરકારી તંત્રના આ સ્વાઈન ફ્લુના સત્તાવાર આંકડા છે પંરતુ સૂત્રોના મતે, બિનસત્તાવાર આંકડો આના કરતાં પણ વધુ હોઈ શકે છે. દરમ્યાન સરકાર અને મહાનગરપાલિકા સત્તાવાળાઓ દ્વારા રાજયની વિવિધ સરકારી હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લુના રક્ષણ માટે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ થઈ રહ્યું છે. સરકારના આરોગ્ય તંત્ર અને ટીમો દ્વારા રાજયભરમાં સ્વાઈન ફ્લુને લઈ પ્રથમ રાઉન્ડનું સર્વેક્ષણ પૂરુ કરી દેવામાં આવ્યું છે, જયારે અસરગ્રસ્ત વિસ્તારોમાં બીજા અને ત્રીજા રાઉન્ડનું સર્વેક્ષણ ચાલી રહ્યું છે.

સ્વાઈન ફ્લુના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં પણ રિટ અરજી થતાં ગુજરાત હાઈકોર્ટે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ આકરું વલણ અપનાવવા સાથે સરકારનો ખુલાસો માંગ્યો છે અને સરકાર સ્વાઈન ફ્લુના મુદ્દાને બહુ ચગાવવામાં નથી માનતી પરંતુ ગમે તેટલા ઢાંકપિછોડાના પ્રયાસ છતાં સરકારને ગુજરાત હાઈકોર્ટમાં તો સોગંદનામા પર સાચી હકીકતો ઉજાગર કરવી જ પડશે.સૌરાષ્ટ્રમાં્વાઈન ફ્લુનો આંતક વધારે રહ્યો હતો. સૌરાષ્ટ્રમાં મોતનો આંકડો ૭૬થી ઉપર પહોંચી ગયો છે. સ્વાઈન ફ્લુને કાબુમાં લેવાના તંત્રના તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. સરકારનો આંકડો આટલો મોટો હોય તો, રાજયનો સ્વાઈન ફ્લુ પોઝીટીવના અને મૃત્યુનો આંક કેટલો ઉંચો હોઈ શકે તે સ્વાભાવિક રીતે સમજી શકાય એમ છે.

# સિમ્સ હોટલ પાસે અમૂલ પાર્લર પર ગોળીબાર થયો

અમદાવાદ,તા. ૧૯

શહેરના એસ.જી. હાઈવે પર સીમ્સ હોસ્પિટલ નજીક આવેલા અમૂલ પાર્લરના કર્મચારી પર બાઈક પર આવેલા બે શખ્સો દ્વારા ફાયરીંગ કરાતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. પોશ એરિયામાં આ પ્રકારે ફાયરીંગની ઘટના બનતાં એક તબક્કે લોકોમાં ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. જો કે, ફાયરીંગની આ ઘટના દરમ્યાન ભાગતી વખતે એક શખ્સ બાઈક પરથી પટકાતાં તે પકડાઇ ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, બાઈક પર આવેલા શખ્સો લૂંટના ઈરાદે આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે પોલીસે આ સમગ્ર ઘટના અંગે ઝીણવટભરી તપાસ આરંભી છે. મોડી સાંજે બીજાની પણ ધરપકડ કરી લેવામાં આવી હતી.

શહેરના સરખેજ-ગાંધીનગર હાઈવે પાસો આવેલી સિમ્સ હોસ્પિટલની ગલીમાં સરદાર બાગ ખાતેના અમૂલ પાર્લર ખાતે આજે સવારે ૧૧-૩૦ વાગ્યે બાઈક પર બે આરોપી યુવકો આવ્યા હતા. જેમાંનો એક યુવક બાઈક લઈ મોંઢે રૂમાલ બાંધી થોડો દૂર ઉભો રહ્યો હતો જયારે બીજા યુવક અંકુશસિંહ અંગદસિંહ ચૌહાણ (રહે.ચાકણકયપુરી, ઘાટલોડિયા-મૂળ વતન ભીંડ, મધ્યપ્રદેશ)એ અમૂલ પાર્લર પર પૈસા લેવા આવેલા આએલ બ્રીન્ક કંપનીના કેશીયર જલ્પેશ પટેલને લૂંટવાના ઈરાદે તેની પર ફાયરીંગ કર્યું હતું. તેને થાપાના ભાગે ગોળી વાગી હતી. હુમલાખોર યુવક કેશીયરના પગમાં મૂકેલો કેશનો થેલો ઝુંટવીને પિસ્તોલ સાથે ભાગ્યો હતો પરંતુ નજીકમાં ઝાડ રોપવાના પાંજરા સાથે અથડાતાં તેના હાથમાંથી પિસ્તોલ પડી ગઇ હતી અને તે પણ જમીન પર પટકાયો હતો. એ વખતે કેશીયર જલ્પેશ ભરતભાઈ પટેલ અને અમૂલ પાર્લરના કર્મચારી પ્રજ્ઞેશભાઈ કાપડિયાએ લૂંટારા યુવકને પકડવાનો પ્રયાસ કર્યો હતો અને આ દ્રશ્યો જોઈ આસપાસના લોકો ત્યાં દોડી આવ્યા હતા અને બધાએ ભેગા મળી ફાયરીંગ કરનાર યુવકને પકડી પાડયો હતો. બીજીબાજુ, પિસ્તોલ લઈને લૂંટ કરવા યુવકને પકડાયેલો જોઈ ગભરાઈ ગયેલો થોડે દૂર ઉભેલો યુવક બાઈક લઈને ફરાર થઈ ગયો હતો. જો કે મોડેથી તેની પણ ધરપકડ કરી લેવામાં આવી છે.

# એપેક્સ ફ્રોઝન ફૂડ્સનો આઈપીઓ ૨૨ ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ ખૂલશે

બે દાયકા કરતાં વધુના અનુભવ સાથે શેલ્ફ ટકાઉ, ક્વાલિટી એક્વાકલ્ચર ઉત્પાદનોની ફાયદાકારક એકત્રિત ઉત્પાદક અને નિકાસકાર, એપેક્સ ફ્રોઝન ફૂડ્સે તેના વિસ્તરણ કાર્યક્રમની નાણાંકીય જરૂરિયાત પૂરી કરવા માટે ઈનિશિયલ પબ્લિક ઓફરિંગની ઘોષણા કરી છે. આપીઓ કુલ ૧૪૮.૭૭, ૧૫૨.૨૫ કરોડની કિંમતના રૂ. ૧૭૧-૧૭૫ પ્રતિ ઈક્વિટી શેયરની પ્રાઈસ બેન્ડ પર બુકબિલ્ડિંગ માર્ગે પ્રીમિયમ પર ઓફર કરવામાં આવતો ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૮૭,૦૦,૦૦૦ ઈક્વિટી શેરો માટેનો છે. ઈસ્યૂમાં ૭,૨૫૦,૦૦૦ ઈક્વિટી શેરોના નવા ઈસ્યૂ અને પ્રમોટર અને પ્રમોટર ગ્રુપના સભ્યો દ્વારા ૧,૪૫૦,૦૦૦ ઈક્વિટી શેરોની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. બુક બિલ્ડિંગ મેનેજર કાર્વી ઈન્વેસ્ટર સર્વિસીસ લિ. છે. આઈપીઓ સાર્વજનિક ભરણાં માટે ૨૨ ઓગષ્ટના ખૂલશે. ૨૪ ઓગષ્ટના બંધ થશે. એન્કર રોકાણકારોનું ભરણું ૨૧ ઓગ્ટ, ૨૦૧૭ના ખૂલી રહ્યુંછે. શેર એનએસઈ, બીએસઈ પર લિસ્ટેડ થશે. કંપનીની કુલ આવક નાણાંકીય વર્ષ ૨૦૧૩ની ૨,૫૫૪.૮ મિલિયનથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૧૭માં રૂ. ૭.૦૯૬.૮ મિલિયન થઈ હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૭માં નેટવર્થ પર વળતર ૨૫.૨૨ ટકા રહ્યું હતું. કંપની ૧.૩૩૭.૬૯ એકર જમીન પર ખેતીનું કામકાજ કરે છે.

# શ્રેષ્ઠ ગુજરાતી પુસ્તકોને પારિતોષિક એનાયત સમારંભ

ગુજરાતીમાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ માં પ્રકાશિત થયેલાં શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક પ્રદાન કરવાનો કાર્યક્રમ આગામી ૨૨ ઑગસ્ટે, સાંજે ૫ વાગ્યે અમદાવાદ મેનેજમેંટ એસોસીયેશનનાં જે. બી. ઓડિટોરીયમમાં યોજવામાં આવ્યો છે. તેમાં અધ્યક્ષ તરીકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનાં મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને અતિથિ વિશેષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મ વિષ્ણુ પંડ્યા ઉપસ્થિત રહેશે. નિબંધ, પ્રવાસ, અનુવાદ, નાટક, કવિતા, લોકસાહિત્ય, નવલકથા, વિવેચન, ટૂંકીવાર્તા, સંશોધન-ભાષા-વ્યાકરણ, આત્મકથા, રેખાચિત્ર, જીવનચરિત્ર, હાસ્ય- વ્યંગ- કટાક્ષ, બાળનાટક, બાળકાવ્યો, બાળવાર્તા, ચરિત્રાદી વગેરે સ્વરૂપોમાં દરેક વિભાગમાં ત્રણ-ત્રણ એમ કુલ મળીને બે વર્ષના ૭૫ જેટલાં પુસ્તકોને લેખકોને આ સમારોહમાં પારિતોષિક તેમજ સ્મૃતિચિહ્ન એનાયત કરવામાં આવશે.



**વિવેકાનંદ મીશન જીવકોરબા ઈંગ્લીશ સ્કૂલ તલોદમાં સ્વતંત્રતા દિવસ, રેલી, જન્માષ્ટમીની ઉજવણી**

તા. ૧૫-૮-૨૦૧૭ના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પ્રસંગે સ્કૂલના બાળકો, વાલીઓ, ટ્રસ્ટીઓ, શિક્ષક સ્ટાફની હાજરીમાં પ્રથમ સ્કૂલના પ્રમુખના હસ્તે ધ્વજવંદન કરી સલામી આપેલ. ત્યારબાદ સ્કૂલના બાળકોની રેલી તલોદ બજારમાં ‘ભારત છોડો-ભ્રષ્ટાચાર, ભારત છોડો-આતંકવાદ, ભારત છોડો-ગંદકી, ભારત છોડો-જાતિવાદ, ભારત છોડો-ગરીબી’’ના નારા સાથે અંબાજી માતાના ચોક સુધી લાવી જનતાને સંદેશો આપેલ પછી રેલી સ્કૂલમાં પરત આવી. ત્યારબાદ બાળકો દ્વારા કૃષ્ણજન્મ નિમિત્તે ‘મટકી ફોડ’ ટ્રેડીશનલ ડ્રેસમાં રાધા-કૃષ્ણ રાસ ગરબાની રમઝટ જમાવેલ અને મટકી ફોડની મજા માણ્યા બાદ દરેક બાળકોને ગરમાગરમ બટાકા પૌંઆનો નાસ્તો અપાયો હતો. ઉપરોક્ત પ્રસંગે પ્રિન્સિપાલ, શિક્ષક સ્ટાફ, ટ્રસ્ટીઓ, ડાયરેક્ટર અમરીશભાઈ, પ્રમુખ ગંગારામભાઈએ સર્વેને પ્રોગ્રામ સફળ બનાવવા સહકાર આપ્યો તે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### કલિંગ એક્સપ્રેસ ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે હેલ્પ લાઈન નંબર ૯૭૬૦૫૩૪૦૫૪-૫૧૦૧ જારી કર્યો છે. એનડીઆરએફની ટીમે ૪૪ બચાવ કાર્યકરો અને ૨ સ્નિફર ડોગ સાથે ઘટના સ્થળે જવા રવાના થઈ ગઈ છે. ટ્રેનના અનેક ડબ્બા એકબીજા પર ચઢી જતા વધારે ખુવારી સર્જાઈ છે. રેલવેએ આ સાથે અન્ય હેલ્પ લાઈન નંબર પણ જાહેર કર્યા છે, જેના થકી દુર્ઘટના અંગેની માહિતી મેળવી શકાય છે. ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે ટ્વિટ કરીને ઈજાગ્રસ્તોને યોગ્ય સારવાર અને શક્ય તમામ મદદનું આશ્વાસન આપ્યું છે. તેમણે દુર્ઘટના અંગે ખેદની લાગણી પણ વ્યક્ત કરી હતી. ઘટના સ્થળે મેડિકલ વાન પણ રવાના થઈ ગઈ છે અને ઈજાગ્રસ્તોને તાકિદે મદદ પહોંચાડવાના પ્રયાસો હાથ ધરાયા છે. ઉત્તર પ્રદેશ એટીએસની ટીમ પણ ડીએસપી અનુપસિંહના વડપણ હેઠળ અકસ્માત સ્થળે રવાના થઈ છે.

### સ્થિતિ વણસી ● અનુસંધાન પહેલાનું ચાલુ

નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી છે. જે વિસ્તારમાં સૌથી વધારે અસર થઈ છે તેમાં કિસનગંજ, અરેરિયા, પુરણિયા અને કટિહારનો સમાવેશ થાય છે. કોશી પ્રદેશના કેટલાક રાજ્યો પણ અસરગ્રસ્ત છે. પૂર્વ અને પશ્ચિમ ચંપારણમાં હાલત કફોડી બનેલી છે. નેપાળ અને આસપાસના વિસ્તારોમાં અતિ ભારે વરસાદની માઠી અસર બિહારમાં થઈ છે. મુખ્યમંત્રી નીતિશકુમારે નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદી સાથે મળીને હવાઈ નિરીક્ષણ કર્યું હતું. આજે પશ્ચિમ ચંપારણ જિલ્લામાં હવાઈ નિરીક્ષણ કર્યું હતું, સમસ્તીપુર ડિવિઝનમાં ટ્રેન સેવાને માઠી અસર થઈ છે.રેલવે ટ્રેક પર પાણી ફરી વળ્યા છે. ઈસ્ટ સેન્ટ્રલ રેલવે હેઠળ સમસ્તીપુર ડિવિઝનમાં ઘુટણ સુધી પાણી ભરાયેલા છે. રેલવે લાઈન અને સિગ્નલિંગ વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે. પશ્ચિમી ચંપારન જિલ્લામાં ૬.૮૨ લાખ લોકોને અસર થઈ છે. કુલ ૩૬૫ ગામો સકંજામાં આવી ગયા છે. રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના ખાસ સચિવ અનિરુદ્ધ કુમારનું કહેવું છે કે, ૯૮ લાખ લોકોને માઠી અસર થઈ છે. ગોપાલગંજમાં હાલત ખુબ જ કફોડી બનેલી છે. કટીહાર જિલ્લાના ગામોમાંથી સેનાના જવાનોએ મોટી સંખ્યામાં લોકોએ બચાવી લીધા છે. નીતિશકુમાર ખરાબ હવામાનના કારણે પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરી શક્યા નથી.

આસામમમાં દુરસંરના સંબંધ કપાઈ ગયા છે. દરમિયાન પુરના પાણી અનેક વિસ્તારોને આવરી લઈને મુશ્કેલીમાં મુકી દીધા છે. આસામમાં ૩૨ જિલ્લાઓ પૈકી ૨૪ જિલ્લાઓ અસરગ્રસ્ત છે. ૩૩.૪૫ લાખ લોકોને અસર થઈ છે. પશ્ચિમ બંગાળમાં છ જિલ્લાઓમાં પુરની સ્થિતિ સર્જાયેલી છે. જો કે હવે અહીં સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. ૧૪ લાખ લોકોને આના કારણે અસર થઈ છે. આસામના મુખ્યપ્રધાન સોનોવાલે શુક્રવારનાદિવસે જુદા જુદા કેન્દ્રિય વિભાગોના અધિકારી સાથે બેઠક યોજી હતી. વડાપ્રધાન પહેલા જ આસામ અને ઉત્તરપૂર્વ માટે ૨૦૦૦ કરોડનુ પેકેજ જાહેર કરી ચુક્યા છે.

### સામેલ થવાનો નિર્ણય ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યાગીએ ઈન્કાર કર્યો હતો. જો કે રાજ્યસભામાં એક નેતા તરીકે શરદ યાદવને દુર કરવામાં આવ્યા છે. પાર્ટી મહાસચિવ પદ પરથી હટાવવામાં આવેલા અરૂણ શ્રીવાસ્તવ અને રાજ્યસભા સાંસદ અલી અનવરે શુક્રવારે કહ્યું હતું કે, શરદ યાદવ અને તેના સમર્થક શનિવારે રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકનો બહિષ્કાર કરશે. આ જુથ શ્રીકૃષ્ણ મેમોરિયલ હોલમાં અલગ બેઠક કરશે. અરૂણે કહ્યું, શરદ જુથ અસલી જેડીયુ છે. પાર્ટીના ૧૪ રાજ્યોના અધ્યક્ષ તેની સાથે છે. તેમાંથી છ-સાત અધ્યક્ષ સાઝી વિરાસત સંમેલનમાં સામેલ થયા હતા. નીતિશ કુમાર હિટલરની જેમ વર્તન કરી રહ્યા છે. તેમણે ન માત્ર મને મહાસચિવના પદેથી હટાવ્યો પરંતુ અનવર અંસારીને રાજ્યસભામાં પાર્ટીના ઉપનેતા પદ અને શરદને પણ ગૃહ નેતા પદેથી હટાવી દીધા. અમે બધા રાષ્ટ્રીય કાર્યકારિણી સમક્ષ અમારી વાત રજુ કરવા માંગતા હતા પરંતુ નીતિશે અમને ત્રણેયને કોઈ પણ નોટિસ આપ્યા વગર હટાવી દીધા આ કારણે અમે કાર્યકારિણીનો બહિષ્કાર કરીને પટનામાં તે સમયે અમારી અલગ બેઠક કરવાનો નિર્ણય કર્યો છે તેમ અરૂણે જણાવ્યું.

### બાયબેક પ્લાન ● અનુસંધાન પહેલાનું ચાલુ

રચના પણ કરવામાં આવી છે. અન્ય કંપનીઓ પણ બાયબેક પ્લાનની જાહેરાત કરી ચુકી છે. જેમાં તેની હરિફ કંપની ટીસીએસ, વિપ્રો અને એચસીએલનો સમાવેશ થાય છે. છેલ્લા વર્ષો દરમિયાન આઈટી કંપનીના શેરમાં રોકાણકારોનો ક્રેઝ રહ્યો છે. ઈન્ફોસીસે એપ્રિલ મહિનામાં બાયબેકની વાત કરી હતી. ઈન્ફોસીસમાં હાલ ઘટનાક્રમનો દોર જારી રહ્યો છે. આજે અનેક પ્રકારની ઉત્સુકતા વચ્ચે બોર્ડ બેઠક મળી હત. જેમાં કંપનીએ બાયબેકને લીલીઝંડી આપી હતી. કંપનીના અનુસાર બાયબેક ૧૩ હજાર કરોડ રૂપિયાનું હશે. કંપની દ્વારા આપવામાં આવેલી જાણકારી અનુસાર ઓફર દ્વારા અંદાજે ૧૧.૩ કરોડ શેરોનું બાયબેક કરવામાં આવશે. આ બાયબેક ૧૧૫૦ રૂપિયા પ્રતિ શેર પર કરવામાં આવશે. આ હિસાબે ઓફર ૧૩ હજાર કરોડ રૂપિયાની હશે. એપ્રિલમાં કંપનીએ જાહેરાત કરી હતી કે ચાલુ નાણાકીય વર્ષમાં શેરહોલ્ડર્સને ડિવિડન્ડ કે શેર બાયબેક દ્વારા ૧૩,૦૦૦ કરોડ રૂપિયા ચુકવવામાં આવશે. છેલ્લા કેટલાક દિવસોથી કેટલાક ફાઉન્ડર્સ અને હાઈ પ્રોફાઈલ પૂર્વ એગ્ઝીક્યુટિવ્સ એ વાતની માંગ કરી રહ્યા હતા કે કંપનીને સરપ્લસ કેપિટલ પોતાના શેર હોલ્ડર્સને પાછા આપવા જોઈએ. ૩૦ જુન ૨૦૧૭ સુધી ઈન્ફોસિસની પાસે ૩૫૦ કરોડ ડોલર કેશ હતી. કંપનીનો અનેક દેશોમાં બિઝનેસ છે. કંપનીની ૩૬મી એજીએમમાં કહેવાયુ હતું કે ૧૩૦૦૦ કરોડની કેપિટલના એલોકેશન પ્લાન માટે કંપનીએ ડિસ્ટ્રીબ્યુશન મિકેનિઝમની પ્રક્રિયા લગભગ ફાઈનલ કરી દીધી છે.

### ભાજપને મત આપવા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહત્વનો સાબિત થયો હતો. જોકે આ મત પાછળના અસલી રાજકારણનો હાલમાં ખુલાસો થયો છે. છોટુભાઈ વસાવાએ હાલમાં દાવો કર્યો છે કે એનસીપીના નેતા પ્રફુલ્લ પટેલ દ્વારા તેમને ભાજપને મત આપવાનું મતદાનના આગલા દિવસે કહ્યું હતું. જોકે છતાં તેમણે કોંગ્રેસને મત આપ્યો હતો. આ મામલે હવે કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, એનસીપીની પાસે અમને આ પ્રકારની અપેક્ષા ન હતી.

કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયાએ પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, આ રાજ્યસભાની ચૂંટણીમાં મનીઅને મસલ પાવરનો ઉપયોગ થયો છે. અનેક ધારાસભ્યો કોંગ્રેસ પડખે ઊભા રહ્યા પણ અમારા સાથી પક્ષ એનસીપી પાસેથી અને આ પ્રકારની અપેક્ષા ન હતી. જેનું અમને દુ:ખ છે.

રાજ્યસભાની ચૂંટણી પછી છોટુભાઈ વસાવાએ દાવો કર્યો છે કે, તેમણે કોંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલને જ મત આપ્યો હતો. તેમણે દાવો કર્યો છે કે રાજ્યસભાની ચૂંટણીના આગલા દિવસે પ્રફુલ પટેલનો તેમને ફોન આવ્યો હતો અને ભાજપને મત આપવા જણાવ્યું હતું પણ મને પક્ષ તરફથી કોઈ મેન્ટેડ આપવામાં નહોતો આવ્યો. છોટુભાઈએ કહ્યું છે કે મેં પોતાની મરજીથી કોંગ્રેસને મત આપ્યો હતો.

### મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

આ બધા ઉપકરણો જો યોગ્ય રીતે, જીવનની જરૂરિયાત મુજબ, પરિવારની પરિસ્થિતિ મુજબ વાપરવામાં આવે તો એ આપણા કે પરિવારના વિકાસમાં વરદાનરૂપ બની શકે છે. સામાજિક, રાજનીતિક તથા શૈક્ષણિક અનેક ક્ષેત્રોમાં આ વૉટ્સપ આજે જરૂરી અને અનિવાર્ય બની ગયું છે. પણ સવાલ માત્ર સંયમથી એનો ઉપયોગ કરવાનો છે.

જોક્સ — જાનૈયાઓ : અરે જૂઓ, દીકરી કેટલી સંસ્કારી છે, કલાકથી લગ્નમંડપમાં બેઠી છે પણ ઊંચું જોયું નથી.

ત્યાં પાછળથી કોઈ બોલ્યું — દીકરી કલાકથી ‘‘વૉટ્સપ’’ પર ઓનલાઈન છે.

9426060601.india@gmail.com

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

કિસ્સાઓમાં સાચા ખોટમાં પડ્યા વગર એક વસ્તુ તો સત્ય છે કે બાળકોના હાથમાં મોબાઈલ પકડાવી દેનાર માબાપ બાળક મોબાઈલમાં શું કરે છે એની માહિતી રાખવામાં ઉણા ઉતરે ત્યારે આવી ઘટનાઓ ઘટે છે. આજકાલના ફાસ્ટ કોમ્યુનીકેશનના જમાનામાં બાળક તમારી સાથે સમ્પર્કમાં રહે એ જરૂરી છે પણ ખુબ નાની ઉમરમાં બાળકને મળતો મોબાઈલ કે પછી કોઈ કન્ટ્રોલ વગર વપરાતો મોબાઈલ બંને સરખા ભયજનક જ છે. બાળકને આવી બુરી લતોથી બચાવવાના અનેકો ઉપાયો છાપા-મેગેજીનોની કટારોમાં ચર્ચાતા રહેતા હોય છે એમાંથી બધા આજની ફાસ્ટ લાઈફમાં પ્રેક્ટીકલી શક્ય નથી હોતા પણ હા એ હકીકત છે કે જો તમે ખુદ બાળકની એક્ટીવીટી પર ધ્યાન આપતા જાવ અને ઉપરાંત એને મોબાઈલ આપતા પહેલા અને એ દરમ્યાન પણ સારું નરસું સમજાવતા રહો તો મોબાઈલ ગેમ્સના એડીકશનના શિકાર બનતા બાળકને રોકી શકશો એ હકીકત છે, અને ખાલી બાળક જ શું કામ મારે ને તમારે બધાએ મોબાઈલ ગેમ્સના એડીકશનથી બચતા રહેવું જ પડશે નહીતર બ્લુ નહિ તો બ્લેક અને બ્લેક નહિ તો ગ્રીન વ્હેલ આજે નહિ તો કાલે તૈયાર જ હશે ભરખી જવા...!